# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST ઓડિટ રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે "GST અંતર્ગત ઓડિટ પ્રક્રિયા " અંગે માર્ગદર્શન આપતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST ઓડિટ રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે "GST અંતર્ગત ઓડિટ પ્રક્રિયા" અંગે તા.૨૯-૮-૨૦૨૩, મંગળવારના રોજ સાંજે ૫:૩૦ વાગે, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, ખાતે માર્ગદર્શન આપતા સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બહોળી સંખ્યામાં વેપાર-ઉધોગકારો ઉપસ્થિત રહયા હતા. આ સેમિનારમાં CGST ઓડિટના એડિશ્નલ કમિશ્નરશ્રી અનુપકુમાર શર્મા, ડેપ્યુટી કમિશ્નરશ્રી વિજય અગ્રવાલ, કન્સલ્ટન્ટશ્રી આર.સી. પ્રસાદ તથા અન્ય અધિકારીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહી જાણકારી પુરી પાડેલ. ત્યાર બાદ રાજકોટ ચેમ્બરના માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌનું હાર્દિક સ્વાગત કરી સેમિનાર અંગે ટુંકમાં માહિતી આપેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી જણાવેલ કે જયારથી GST કાયદાનું અમલીકરણ થયેલ છે. ત્યારથી રાજકોટ ચેમ્બરે GST માં પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા માટે સરકારશ્રી સમક્ષ રજુઆતો કરી GST માં સરળીકરણ લાવવા પ્રયાસ કર્યો છે. આ સમયગાળા દરમ્યાન GST માં અનેકવાર સરકયુલર-નોટીફીકેશનો સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યાં અને અનેક ફેરફારો કરવામાં આવ્યા તેની સંપુર્ણ જાણકારી વેપાર-ઉધોગકારોને મળી રહી તે માટે રાજકોટ ચેમ્બર અવાર નવાર અવરનેશ માટેના સેમિનારો યોજે છે. તો તેનો પણ ખાસ લાભ લેવો. GST માં ઓડિટ આવે તો વેપાર-ઉધોગકારોને ઘણી મુશ્કેલીઓ ભોગવવી પડતી હોય છે તેને કેવી રીતે દુર કરી શકાય તે માટે આ સેમિનાર યોજેલ છે. વધુમાં હાલમાં GST અંતર્ગત બોગસ બિલીંગનું કૌભાંડ પણ ચાલી રહયું છે. તો તેને પણ અટકાવવા સરકારશ્રી સમક્ષ રજુઆતો કરી પ્રયાસ ચાલી રહયા છે. તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે જેથી કરીને તેનું યોગ્ય નિરાકરણ લાવી શકાય.

ત્યાર બાદ CGST ઓડિટના એડિશ્નલ કમિશ્નરશ્રી અનુપકુમાર શર્માએ આજનો આ સેમિનાર યોજવા બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે જયારે પણ વેપારી કે ઉધોગકારોને ઓડિટ અંગે નોટિસ મળે તો જરા પણ ગભરાવવાની જરૂર નથી. અમારો પ્રયાસ છે કે ટેક્ષપેયરને કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે સાથે મળીને તેનું નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું. વધુમાં આ અંતર્ગત કોઈપણ સમસ્યા હોય તો અમારી ઓફિસનો સંપર્ક કરવો અમો સંપુર્ણ સાથ સહકાર આપીશું.

GST કન્સલટન્ટશ્રી આર. સી. પ્રસાદએ જણાવ્યું કે, ટેક્ષપેયર્સને ઓડિટ આવવાથી ડરવાની જરૂર નથી. આ પ્રક્રિયાથી તેઓની નાના મોટી ભુલો, ધંધો કરવાની પધ્ધતિમાં રહેલ ખામીઓની ખબર પડે છે અને તેને સુધારાવાની તક મળે છે. નાના નાના ટેક્ષપેયર્સને ત્યાં ઓડિટ માટે GST અધિકારીઓ તેમના સ્થળ પર જઈને ઓડિટ નથી કરતા પરંતુ તેમના એકાઉન્ટસ, રેકોર્ડ બતાવવાના રહે છે. તેથી વેપાર-ઉધોગકારોએ અધિકારીઓને પણ સહકાર આપવો જોઈઅ અને આપણા તમામ રેકોર્ડસ અપડેટ રાખવા જોઈએ. જેથી કરીને આવનારા દિવસોમાં કોઈપણ મુશ્કેલી ન પડે. વધુમાં તેઓએ ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ સમક્ષ રજુઆત મુકેલ કે, નાના વેપારીઓને વધારે સહકારની જરૂર હોય અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ન હોવાથી અમુક સમયે સમજ ફેર કે ભુલ થઈ જાય છે તો આ બાબતે યોગ્ય નિરાકરણ લાવી પગલા લેવા જોઈએ અને વધુમાં વધુ અવરનેશ સેમિનારો યોજવા અનુરોધ કરેલ. ત્યારબાદ ઉપસ્થિત વેપાર-ઉધોગકારોને GST અંતર્ગત પડતી મુશ્કેલીઓ અંગે પ્રશ્નોતરી કરતા અધિકારીશ્રીઓએ સંતોષકારક પ્રત્યુતર પાઠવેલ.

સમગ્ર સેમિનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ અને ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને સભ્યશ્રીઓનો આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.